# સાહિત્ય અકાદમી ટ્રસ્ટ ,મુંબઈ

## જૈન તીર્થોની ભવ્ય ગાથા- વ્યાખ્યાન માળા

### વ્યાખ્યાન – ૪ સોલંકીકાલીન ગુજરાત ના શિલ્પ-સ્થાપત્યનો વારસો

વ્યાખ્યાતા- ડૉ. શ્રી થોમસભાઈ પરમાર
તારીખ – ૦૭/૦૧/૨૦૨૩

ગુજરાતના શિલ્પ સ્થાપત્યના  વારસાની આપણે આ વાત કરીએ એ પહેલા સોલંકી કાળ એટલે શું, ઇતિહાસ ના સંદર્ભમાં એ પહેલા જાણવું જોઈએ. ઇતિહાસની અંદર જુદા જુદા કાળ પ્રમાણે જુદા જુદા રાજવંશના રાજાઓએ રાજ કર્યું હતું ગુજરાતના સોલંકી વંશના જે રાજાઓ હતા એમણે ગુજરાતમાં  ઇ.સ ૯૪૨ થી ઈ.સ ૧૩૦૪  સુધી રાજ કર્યું હતું. આખો જે સમયપટ છે એ સોલંકી કાળ નો ગણવામાં આવે છે એટલે લગભગ 350 જેટલા વર્ષ સુધી આ લોકોએ રાજ કર્યું અને આ સમય દરમિયાન ગુજરાતી ઘણી પ્રગતિ કરી. બળવાન રાજાઓ એમની દીર્ઘદ્રષ્ટિ અને સાથે સાથે એની જે કલા પ્રત્યેની રુચિ એને કારણે કલાના ક્ષેત્રે ગુજરાતે ઘણી પ્રગતિ કરી. ગુજરાતની જે અસ્મિતા કહેવાય તે ખરેખર એના આ સમયે બીજ રોપાયા અને ગુજરાતને ખરેખર જે નામ મળ્યું એ આ સમયે સૌપ્રથમ મળ્યું. ગુર્જર અને પાછળથી ગુજરાતનામ એ સોલંકી કાળ દરમિયાન જ પડ્યું અને પ્રાચીન ગુજરાતનો જે ઇતિહાસ છે એમાં સુવર્ણકાળ જો કોઈ કહીએ તો તો એ આ સોલંકી કાળ ને કહી શકાય કારણ કે આ સમય દરમિયાન ગુજરાતે રાજકી,ય આર્થિક, ધાર્મિક, સાહિત્યિક અને કલાના ક્ષેત્રે ઘણી બધી પ્રગતિ કરી હતી. આપણે સોલંકી વિશે વાત કરીએ તો સોલંકી શબ્દ કેવી રીતે આવ્યો એ પણ આપણે જાણવા જેવું છે. મૂળ જે શબ્દ છે તે એ ચાલુક્ય,ચલુક્ય કે ચૌલુક્ય આપેલ છે પણ ક્યારેક ચોલકીક ચોલક એવા બીજા રૂપ પણ જોવા મળે છે પણ પાછળ ચૌલુક્ય રૂપ જ રૂઢ થયેલું જોવા મળે છે મળે છે . આની પણ એક પૌરાણિક કથા છે બ્રહ્માજી અંજલી આપતા હતા એમાંથી એક વીર પુરુષ નો જન્મ થયો. એણે આ રાજવંશ ની સ્થાપના કરી. ચુલુક એટલે કે

બ્રહ્માનો જ એક ખોબો છે એમાંથી જન્મ થયો હતો.ચુલુક ઉપરથી જ ચૌલૂક્ય એવું થયું પણ ખરેખર તો મૂળરાજ સોલંકી એ તો આ રાજવંશ ની સ્થાપના કરી હતી એ આપણે જાણવું જોઈએ. આ સમય દરમિયાન એટલે કે સોલંકી કાળ દરમિયાન ગુજરાતની અંદર શિલ્પ સ્થાપત્ય વિકસ્યું એ ખૂબ જ સમૃદ્ધ હતું, ખૂબ મોટી સંખ્યામાં જોવા મળ્યું હતું. આ શિલ્પ સ્થાપત્યના જે અવશેષો છે એ લગભગ 80 જેટલા છે અને એ બધામાં વૈવિધ્ય જોવા મળે છે. સોલંકી રાજાઓએ એમનું જે શાસન છે તે અત્યારનું અણહિલવાડ પાટણ એને કેન્દ્રમાં રાખીને સત્તા ભોગવી હતી, રાજ કર્યું હતું .અત્યારે મોટાભાગનો જે ઉત્તર ગુજરાતનો જે પ્રદેશ છે ત્યાં એમની સીમાઓ બહુ હતી એટલે જ મોટેભાગે આ સમયના જે અવશેષો મળ્યા છે એ ઉત્તર ગુજરાતની અંદર જ મળે છે જે આપણે આપણી જાણવું જોઈએ.

આપણે સ્થાપત્યની જે પહેલા વાત કરી તો સ્થાપત્ય ની અંદર પણ આપણે બે ભાગ પાડવા પડે- ધાર્મિક સ્થાપત્ય કે જેમાં મંદિરો આવે મંદિરો હિન્દુ ના પણ હોય અને જૈનો ના પણ હોય એ ધાર્મિક સ્થાપત્ય છે જ્યારે બીજું છે એ નાગરિક સ્થાપત્ય છે એટલે કે સિવિલ આર્કિટેક્ચર જેને કહીએ તે. એમાં કિલ્લાઓ એટલે કે દુર્ગ,જળાશયો એટલે કે તળાવ, વાવ આવે પછી એવી જ રીતે કુંડ પણ આવે. તો આ બધા જે છે એને નાગરિક સ્થાપત્ય કહેવામાં આવે છે. ઓળખવામાં આવે છે.

સૌપ્રથમ આપણે મંદિરો વિશે વાત કરીએ તો મંદિર સ્થાપત્ય આ સમયનું જે મંદિર સ્થાપત્ય છે એમાં એક વિશેષ પ્રકારની શૈલીનું જન્મ થયો. અગાઉની જે પૂર્વ કાળ ની સોલંકી કાળની મંદિરોની જે શૈલી છે, એ મંદિરોના શિખરો જુદા પડે છે. મોટેભાગે સૌરાષ્ટ્રમાં અને દરિયાકાંઠાના વિસ્તારની અંદર છે એ બધા છાદીયાના પ્રાસાદ મંદિરો તરીકે ઓળખાતા હતા. જ્યારે આ સમયે બધા મંદિરો બનાવ્યા જૈનોના અને હિન્દુઓના એ રેખાન્વિત શિખરો કહેવાય છે. કનવિલિયર શિખર જે કહેવાય એ પ્રકારના છે નાગર શૈલી જ છે આ એની ખાસ વિશેષતા જોવા મળે છે અને આજે બાંધકામ થયું છે પથ્થર છે એ ખરતા પથ્થરો આરસ અને પારવના પથ્થરનો ઉપયોગ થયો છે. આ સમયના કેટલાક જાણીતા મંદિરો વિશે જોઈએ તો મૂળરાજ

સમયના મંદિરો છે એ ભાગ્યે જ જોવા મળે છે. એણે પાટણ સિધ્ધપુર અને મુંડલી ની અંદર મંદિરો બનાવ્યા હતા શિવના અને જૈન ચૈત્ય પણ બંધાવ્યા હોવાનું કહેવામાં આવે છે. પણ એના અવશેષો અત્યારે ભાગ્યે જ મળે છે. ખરેખર મંદિર સ્થાપત્યો નો વિકાસ કે મંદિર સ્થાપત્યની જે શૈલી છે સોલંકી કાળની એ તો ભીમદેવ પહેલાના સમયની થી જ પાંગરથી આપણને જોવા મળે છે અને એ જે શૈલી ત્યારથી વિકસી તો હજુ સુધી ચાલુ રહેલ છે, જે આપણને ખાસ જોવા મળે છે.  એના સમયના આપણે મંદિર જોઈએ તો પ્રથમ સોમનાથનું મંદિર છે, એનો ધ્વંશ  થયો પછી નવેસરથી ભીમદેવે બનાવ્યું હતું. આગળ જતા કુમાર પાલે પણ આ મંદિરની અંદર કેટલાક વિભાગો છે તે ઉમેર્યા છે અને એનું વિસ્તૃતિકરણ કરવામાં આવ્યું. આ બધામાં જોઈએ તો મોઢેરાનું સૂર્યમંદિર એ ગુજરાતના જ નહીં પણ મંદિર ભારતના મંદિર સ્થાપત્ય માં ઉત્તમ નમૂનો આપણે કહી શકાય એવું છે. આ સૂર્યમંદિર છે. આ મંદિરો જે છે એ સૂર્યાભીમુખ જ હોય એટલે કે પૂર્વાભિમુખ જ હોય એમ આ મંદિર પણ પૂર્વાભીમુખ જ છે. એના જે કાલમાન ના ભાગો જોઈએ છે ગર્ભ ગૃહ છે એની સાથે પ્રદક્ષિણાપથ એટલે કે સાંધાર પ્રાસાદ પ્રકારનું મંદિર છે અને સંકળાયેલો ગુડ મંડપ અને પછી છૂટો એવો રંગમંડપ છે. એની સન્મુખે એક કુંડ આવેલો છે જેને લોકો રામકુંડ તરીકે ઓળખે છે પણ ખરેખર એ સૂર્યકુંડ છે. હવે આ મંદિરની રચના એ રીતે થયેલી છે કે સૂર્યના જે કિરણો છે એ સીધા ગર્ભમાં પ્રસ્થાપિત સૂર્યની જે મૂર્તિ છે ત્યાં સુધી પહોંચે એવી યોજના કરેલી છે. હાલ ગર્ભ ગૃહની અંદર આ મૂર્તિ જોવા નથી મળતી એ આક્રમણ વખતે એને ક્યાંક છુપાવી દેવામાં આવી હોય એવું લાગે છે. એનું કામ તોડ કામ થયું છે એનું શિખર પણ કે મંડપની ઉપરનો ભાગ પણ હયાત નથી, પણ એમાં જે શિલ્પ કામ કરવામાં આવ્યું છે ખાસ કરીને એના સ્તંભો તોરણો એની અપ્સરાઓ શિલ્પો વગેરે અગત્યના છે. સૂર્યમંદિર છે એટલે સ્વાભાવિક પણે સૂર્યના જુદા જુદા સ્વરૂપો અહીં જોવા મળે છે. અહીં 12 આદિત્યો છે તો બારે બાર આદિત્યોના સ્વરૂપો અહીં જોવા મળે છે. પ્રદક્ષિણા પથ છે.  એની અંદરના ભાગની અંદર પણ જોવા મળે છે અને બહારનું જે મંડો છેવર એની જંઘાની અંદર પણ જોવા મળે છે. ક્યાંક ક્યાંક પૌરાણિક પ્રસંગો જોવા મળે છે. એના જે ગવાક્ષ છે તે સૂર્યકુંડ ની અંદર તે એક જગ્યાએ શીતળા માતાનું મંદિર પણ જોવા મળે છે અને શેહશાયી આવી વિષ્ણુ પણ જોવા મળે છે. એવું આ એક જાણીતું એ

સમયનું મંદિર કહીએ તો રુદ્રમાળનું છે, સિધ્ધરાજ ના સમયનું અને સિદ્ધપૂરની અંદર આવેલું છે. એ પૂર્વાભીમુખ છે. સાંદાર પ્રાસાદ છે એક ગુડ મંડપ છે અને ત્રણે દિશાએ શૃંગાર ચોકીઓ આવેલી છે. આ હિન્દુ મંદિરની અંદર પણ દેવફૂલીકાઓ જોવા મળે છે, 11 દેવકુલિકાઓ જોવા મળે છે. પણ પાછળની જે ચાર છે એ મસ્જિદમાં પરિવર્તિત થયેલી છે. આની વિશેષતા એ છે કે એ તોરણ દ્વાર જે છે એ ખાસ જોવા જેવું છે. એ મંદિર ખંડિત અવસ્થામાં છે પણ એ સમયની ભવ્ય શિલ્પ સમૃદ્ધિ આપણે જોઈ શકીએ છીએ.

એક જૈન મંદિર આ સમયનું બહુ જાણીતું કુમારપાળના સમયનું એ તારંગા નું અજીતનાથ ભગવાનનું છે. એ ખરેખર તો મેરુ પ્રાસાદ છે અને બહુ ભવ્ય રીતે બનાવેલું છે એની પણ ખાસ વિશેષતા છે એના શિલ્પકામની. પાછળથી એનું પણ રીનોવેશન કરવામાં આવ્યું. જે સુધારા વધારા કરવામાં આવેલા છે. એની સવારના બહુ ભારે કદની છે સવારના એટલે કે જે મંડપ છે એની ઉપરનો જે ઘૂમટા કાર ભાગ છે પણ બહારથી નાની નાની શૃંગીકાઓ અને ઘંટીકાઓ મૂકેલી છે એને સવારનાઓ તરીકે ઓળખવામાં આવે છે એ ખાસ જોવા જેવી છે. એ રીતે ગિરનારનું એક નિમિનાથજીનું મંદિર છે એ મોટો લાકડાનું બનેલું હતું. પરંતુ સજ્જન મંત્રી એટલે કે સિધ્ધરાજના જે દંડના યક મંત્રી હતા એણે પથ્થર ની અંદર બનાવેલું હતું.

આ બધા મંદિરોની વાત કરતા વિશેષ પ્રકારના મંદિરો પણ જોવા મળે છે. એ મંદિરોના જે વિવિધ પ્રકાર છે એટલે કે અંગોની દ્રષ્ટિએ તો એક પ્રકાર એવો મળે છે કે દ્વાઅંગી મંદિરો દ્વાઅંગી મંદિરો એટલે બે યતન દ્વાયતન બે ગર્ભગૃહ હોય તે મંદિર છે તેને દ્વાઅંગી કહે છે. એના નમૂના આપણને અહીંથી જોવા મળે છે. એ ખંડોસણ ની અંદર જોવા મળે છે હિંગળાજ માતાનું મંદિર ત્યાં જોવા મળે છે, પછી એવી જ રીતે અમદાવાદમાં વિરમગામમાં મુનસર તળાવ છે ત્યાં પણ આ બે ગર્ભ ગૃહ વાળા મંદિર જોવા મળે છે. ત્રણ ગર્ભ ગૃહ વાળા હોય એવા મંદિરો એને ત્રિપુરુષ પ્રાસાદ કહેવામાં આવે છે ત્રાયતન કહેવામાં આવે છે તો એ પ્રકારના મંદિરો પણ આ સમયમાં આપણને જોવા મળે છે. અને એને ત્રિકુટાચલ પણ કહેવામાં આવે છે. ત્રિકુટા ચલ કંસારામાં બ્રહ્મા વિષ્ણુ મહેશ નું મંદિર આવેલું છે. દિલમાંલ ની અંદર

પરબડીની પાસે છે, ગિરનાર પર વસ્તુપાળે બંધાવેલું ત્રિપુરુષ પ્રાસાદ બહુ જાણીતું છે. પંચાયતન મંદિર એટલે કે પાંચ ગર્ભ ગૃહ હોય એમાં એવું હોય છે કે વચ્ચે મુખ્ય મંદિર હોય મૂળ પ્રાસાદ જેને કહીએ અને ચારે ખૂણે ચાર નાના ગૌણ મંદિરો હોય, એમ કરીને પંચાયતનો મંદિર હોય છે. એના દાખલા પણ જોવા મળે છે એક ખેડવાડા ની અંદર છે ગઢવાળા ની અંદર છે આ અસોડા જેસલમલ જશમલનાથનું મંદિર અને દાવડ ની અંદર જાગેશ્વરનું મંદિર- આ બધા જ ઉત્તર ભારતની અંદર ખાસ કરીને મહેસાણા જિલ્લામાં આવેલા છે મંદિર છે. એમાં પણ જુદા જુદા પ્રકાર જોવા મળે છે 24 જીનાલય 52 જિનાલય અને ૭૨ જિનાલય. ત્રણેય પ્રકારના સ્વરૂપના મંદિરો આકારમાં બંધાયેલા હતા મંદીર પ્રકારના જેટલા પણ સ્થાપત્યો છે. જુદા જુદા પ્રકારના એ આ સમયમાં પાંગરિયા હતા. એ આ સમયના મંદિરની વિશેષતા કહેવાય. 24 જીનાલય છે કહે છે ત્રણે દિશામાં આઠ આઠ આઠ આઠ એવા મંદિરોના જે દાખલા છે એ આપણને કુંભારિયા ની અંદર જોવા મળે છે. કુંભારિયાના જે મંદિરો છે એ પણ સોલંકીકાળના છે વિમલ મંત્રીએ બંધાવેલા હતા. એમાં એક સંભવનાથનું મંદિર છે એ સિવાય બીજા જે ચાર મંદિરો છે એ 24 જીનાલય પ્રકારના મંદિરો છે. પછી એ જ રીતે 52 જીનાલય દેવ કૂલિકા એટલે કે 52 નાની-નાની ડેરીઓ જે હોય છે ખરેખર પ્રથા એવી છે કે શાસ્ત્રો પ્રમાણે જોઈએ તો 52 જે છે 52 દેવકુલિકાઓ નથી હોતી એ 51 હોય છે અને વચ્ચેનો મુખ્ય પ્રાસાદ એટલે કે મૂળ મંદિર એમ કરીને 52 થાય. તો ઘણા ગણતરીમાં 52 ને છેલ્લે ગણી કાઢે છે ખરેખર પર એટલે કે મૂળ પ્રાસાદ છે 51 કુલ વતા એક બરાબર 52 જિનાલય કહે છે એ જે 52 નાના મંદિરો છે. એના ઉત્તમ દાખલા એ આબુના દેલવાડાના જે દેરા કહેવાય છે વિમલ વસઈ અને લુણવસઈ આ બે જે મંદિરો છે એ બહુ જાણીતા મંદિરો છે. એના ગર્ભ ગૃહ, અંતરાલ મંડલ, નવચોકી રંગમંડપ દેવકુલિકાઓ વળાંક વગેરે આવેલા છે અને કુલ 157 મંડપો અને 121 સમરખ આવેલા છે. એવી રીતે લુણ વસઈ ની વાત કરીએ તો એ તેજપાલે બંધાવેલું એનો જે પુત્ર હતો લુણસિંગ એની સ્મૃતિમાં આ મંદિર બંધાવેલું હતું, એની અંદર પણ એ જ કલમના બધા ભાગો છે એ વિશેષતા છે. આ બંને અંદરની મંદિરની અંદર એક એક ભાગ જોવા મળે છે એ હસ્તી શાળા છે. ભવ્ય વિશાળકાય હાથી છે એમાં તેજપાલના જે કુટુંબના જે સભ્યો છે એના શિલ્પા છે જેને કહેવાય તે છે પૌત્રિકક કલ્ચરના જે શિલ્પો કહેવાય તે છે.

બીજો જે પ્રકાર પડે છે તે 72 જીનાલય છે. એનો ઉત્તમ નમૂનો ગિરનારનું નેમિનાથનું મંદિર છે મૂળ આ મંદિર જે છે કાષ્ઠ મંદિર હતું પણ મંત્રી સજ્જને એને પાષણનું બનાવ્યું હતું એના પણ ગર્ભ ગૃહ પ્રદક્ષિણાપત અંતરાલ ગુડ મંડપ  રંગમંડપ કુલિકાઓ છે. આ મુખ્ય જે મંદિરોની વાત કરી બીજા ઘણા ગૌણ મંદિરો છે તેમાં સોવર્ણકનું દેલમાલનું, ગૌરાંગનું સંડેર નું, વાલકનું, કંબોઈ નું,પેલોદરા નું શીતળા માં નું મંદિર,અસોડાનું. વઢવાણ નું સૂર્ય મંદિર ત્રિવેણી મંદિર એના સંગમ પાસે છે ઘુમલીના નવલખા મંદિર, ગળતેશ્વરનું મહાદેવનું મંદિર કનોડામાં બહુ સ્મરણા દેવીનું મંદિર આવેલું છે આ બધા સોલંકી કાળના છે અહીં ધાર્મિક સ્થાપત્ય ની વાત પૂરી થાય છે.

હવે આપણે જોઈએ નાગરિક તેની વાત એમાં પણ પેટા પ્રકાર પડે છે. પહેલા આપણે કિલ્લાઓ જોઈએ તો એને દુર્ગ સ્થાપત્ય કહે છે. તો આ સમયના દુર્ગના જે છે ત્રણ દાખલા ખાસ આપણને જોવા મળે છે- એક જીજુંવાળાનો કિલ્લો જીંજુવાડા ડભોઇનો અને વડનગર નો કિલ્લો. એ આ સમયના છે અને ગુજરાતના દુર્ગ વિધાનની અંદર કે દુર્ગ સ્થાપત્ય ની અંદર ગણીએ ઉત્તમ જે તો એ આ બે જ છે ડભોઇ અને ઝીંઝુવાળા નો કિલો. સંરક્ષણ માટે બાંધવામાં આવ્યા હતા આ મીલેટરી આર્કિટેક્ચર છે. એ લશ્કરી વ્યુ ની દ્રષ્ટિએ સંરક્ષણ માટે આ બધા બાંધવામાં આવેલા હતા પણ એ સ્થાપત્યના અવશેષ છે નહીં છે એમ નહીં પણ કલાપૂર્ણ એટલે કે આ એના જે પ્રવેશ દ્વાર છે નગર પુર દ્વારો એ અંદરથી અને બહારથી નીચેથી ટોચ સુધી બધા શિલ્પ પ્રાચુરતાથી ભરપૂર છે. ઝીંઝુવાડા જે કિલ્લો છે એ અડધા માઇલના વિસ્તારનો ધરાવેલો છે એના જે ચાર દરવાજા છે એને પણ જુદા જુદા નામ આપેલા છે પૂર્વનો નગવાળા દરવાજો પશ્ચિમ નો મડાપુર દરવાજા ઉતરનો દામા દરવાજા દક્ષિણનો રાક્ષસ કુળ એવા નામો આપવામાં આવેલા છે. ડભોઇનો જે કિલ્લો છે એ બહુ જ વિસ્તૃત છે.  લગભગ એનો જો વિસ્તાર જોઈએ તો 3000 ફૂટ પૂર્વ પશ્ચિમ અને ઉત્તર દક્ષિણ 2400 ફૂટ જેટલો એનો વિસ્તાર છે લગભગ  દોઢ માઈલ જેટલો એનો વિસ્તાર છે. એમાં પણ જુદા જુદા ચાર દરવાજાઓ આપેલા છે એવી રીતે વડનગરનો દરવાજો એમાં ભવ્ય છે કુમારપાળના સમયની અંદર એ બાંધવામાં આવ્યો હતો અને અર્જુન બારીનો દરવાજો છે ત્યાં શ્રીપાલની પ્રશસ્તિ નો

લેખ છે એમ કહેવામાં આવે છે. એ ખાસ જાણીતી પ્રશસતિ છે અને આ  કિલો છે એના ચાર દરવાજા ચાર દિશામાં બે દરવાજા અગ્નિ ખૂણામાં છે એટલે કે એ છ દરવાજા છ કળખૂટ દ્વાર છે.

હવે જળાશયનું સ્થાપત્ય. જળાશયનું વિશેષ પ્રકારનું સ્થાપત્ય આપણને જોવા મળે છે. ગુજરાતની અંદર વિકસ્યું હતું તે આ સમય દરમિયાન પણ આપણને જોવા મળે છે એમાં જોવા જઈએ તો પહેલા સરોવર લેવા પડે, પછી વાવ અને કુંડ. એમાં ત્રણ  પ્રકાર પડે છે. તો સૌ પ્રથમ તળાવની વાત કરીએ તો આ સમયનું ઉત્તમ તળાવ સરોવર પાટણ નું સહસ્ત્રલિંગ તળાવ છે. મૂળ તો દુર્લભરાજે આ જે આ સરોવર બનાવેલું હતું પણ એનું નવનિર્માણ સિધ્ધરાજે કરી એનું નવ પરિવર્તન કર્યું અને એને સહસ્ત્રલિંગ નામ આપવામાં આવ્યું. હેમચંદ્રાચાર્ય આ સમયે જાણીતા જે સાહિત્યકાર અને મુનિ એમણે  આ ઉપર દ્વાશ્રય નામનું દળદારકાવ્ય લખેલું છે એમાં એનું વર્ણન આપવામાં આવ્યું છે અને જે શિપ્રા પ્રસસ્થી છે એની અંદર પણ આનું વર્ણન આપવામાં આવ્યું છે. તે ભવ્ય હતું અને એમાં 1008 શિવાલયો હતા 108 જેટલા દેવી મંદિરો હતા સાથે સાથે દશાવતાર મંદિર, સૂર્યનું મંદિર હતું. તળાવની વચ્ચેનો જે ભાગ છે એ બગસ્થળ ની જગ્યાએ વિંધ્યવાસીની દેવીનું મંદિર હતું અને એ મંદિર કિનારા સાથે પૂલ વડે જોડાયેલું હતું અત્યારે આ મંદિરના કોઈ અવશેષો જોવા મળતા નથી. પાણી ગાળવા માટેની જે વ્યવસ્થા જેને રુદ્ર કુંડ કહેવામાં આવે છે કે નાગધરા કહેવામાં આવે છે એવા ક્યાંક નાગધરા જોવા મળે છે. વર્ષો પહેલા એમ એસ યુનિવર્સિટીના આરકીઓલોજી વિભાગના દ્વારા સંશોધન કરવામાં આવ્યું હતું પરંતુ તે હેમચંદ્રાચાર્યના કાવ્ય ની અંદર જે વર્ણન લખેલું છે એ બધા અવશેષો મળ્યા નથી છીન્ન ભિન્ન થઈ ગયેલું છે. ખાલી પારણા અને અવશેષો જોવા મળે છે. રાજા કર્ણ દેવે ચાણસ્મા ની પાસે કર્ણસાગર નામનું તળાવ બંધાવ્યું હતું. એણે કર્ણાવતી નગરી પણ સ્થાપી હતી ત્યાં પણ એક સરોવર બાંધ્યું હતું એવા ઉલ્લેખ જોવા મળે છે. બીજા તળાવ ની વાત કરીએ તો સિદ્ધરાજના જે માતા છે મીનળદેવી એમની સાથે બે તળાવના નામ જોડાયેલા છે- વિરમગામ નું મુનસર તળાવ અને ધોળકાનું મલાવ તળાવ છે, એ પણ મીનળદેવીએ બંધાયેલ બંધાવેલું હોવાનું મનાય છે. આ ધોળકાના મલાવ

તળાવ ની અંદર પણ બગસ્થળ છે અને ત્યાં પણ પુલનો અવશેષ આપણને જોવા મળે છે એટલે તળાવનું સ્થાપત્ય પણ આ સમય દરમિયાન વિકસ્યું હતું.

વાવ વિશે વાત કરીએ તો આ સ્થાપત્ય વિશેષ પ્રકારનું સ્થાપત્ય છે એ અંડર ગ્રાઉન્ડ આર્કિટેક્ચર છે કિલ્લાઓ અને મંદિરો ઉભડક છે જમીનની ઉપર છે જ્યારે આ વાવ જમીનની અંદર છે વિશેષ પ્રકારનું સ્થાપત્ય રાજસ્થાનમાં ખાસ જોવા મળે છે. જેને વાવ કહે છે એને હિન્દી પુસ્તકમાં એનું નામ જગત કે જલ મંદિરો મેં પ્રતિબિંબિત સાંસ્કૃતિક વિરાસત આ પુસ્તકની અંદર વાવ માટે જળ મંદિર શબ્દ વાપરવામાં આવ્યો છે. પ્રથમ વખત આ શબ્દ સાંભળવા મળ્યો છે, એને મંદિર નું સ્વરૂપ આપવામાં આવ્યું છે એમાં પ્રતિબિંબિત છે સાંસ્કૃતિક વિરાસત છે એને એમને એના વિશે એમને વાત કરેલ છે એ બહેન જે લખનાર છે એ શ્રીમતી સુપ્રભા મિશ્રા એ પોતે નૃત્યાંગના છે ઓડિસી નૃત્યના. એમને રસ પડ્યો છે અને એમણે ગુજરાત માહિતી ખાતા છે એમણે આ સ્થાપેલ  છે. વાવ માટેનો આપણને એક ખાસ નવો શબ્દ અહીં જોવા મળે છે. વાવ ને વાપી પણ કહે છે અને આ જે બધી વાવો બંધાયેલી એમાં સર્વ શ્રેષ્ઠ વાવ જે છે એ ભીમદેવ પહેલાના રાણી ઉદયમતી એ પાટણમાં બંધાવેલ રાણીની વાવ કે રાણકી વાવ કહેવાય છે. અદભુત નમૂનો છે. એ આપણને 1986 પછી ખબર પડે છે એ પહેલા તો એના બે માળ જોવા મળતા હતા એ જ્યારે આખી બની હશે અને પછી ત્યારે એની રેતીની માટીની થી પૂરી દેવામાં આવી હશે અને પછીથી 85- 86 પછી આરકયોલોજી વિભાગે ત્યારે એનું ખોદકામ કર્યું ત્યારે મળી. તે મજલા વાળા બધા ભાગ મળ્યા, કુવા વાળો ભાગ પણ મળી આવ્યો. આ ખંડિત છે એના કુંટ કશું જોવા મળતું નથી માળ જોવા મળતા નથી. આજુબાજુની બે દીવાલ છે તે અને કુવા નો જે ભાગ છે તે ખાસ જોવા મળે છે પણ એની ખાસ વિશેષતા સ્થાપત્યની શિલ્પ સમૃદ્ધિ જોવા જેવી છે. એ ખૂબ જ ભવ્ય હતી. એવી જ રીતે બીજી જે વાવો છે તે એની વાત કરીએ તો નડિયાદની ડુમરાલ ભાગોળમાં આવેલી વાવ મીનળદેવીએ બંધાવેલી માનવામાં આવે છે. ઉમરેઠની ભદ્રકાળીની વાવ પણ મીનળદેવીએ બંધાવ  બંધાવેલ જાણવામાં આવે છે. બાયડની વાવ, વઢવાણ ની વાવ ગંગા, વાવ માધા વાવ પાસે આવેલ ખાનકપૂરની વાવ એ બધી આ સમયની છે એટલે વાવ

સ્થાપત્ય પણ આ સમયમાં વિકસ્યું છે. જળાશયો નો ત્રીજો પ્રકાર આવે છે તે છે કુંડ. મોટાભાગે કુંડ મંદિરની સન્મુખે બાંધવામાં આવે છે.એમાં સૂર્યમંદિર મોઢેરાનું જે સૂર્યમંદિર છે એની સામે આવેલો રામકુંડ લોકો જેને કહે છે એ ખરેખર સૂર્યકુંડ છે. એ બહુ ભવ્ય અને વિશાળ લંબચોરસ ઘાટનો છે અને એને નાની નાની ડેરીઓની જુદા જુદા શિલ્પો આપેલા છે શેરશાહી વિષ્ણુ છે. વિષ્ણુ છે શિલ્પો છે એ મોટેભાગે જળાશયોમાં સાથે બહુ સંકળાયેલા જોવા મળે છે.પાણી સાથે વિષ્ણુ નો સંબંધ એની જ રીતે કદાચ ગોઠવ્યું હશે. પાટણની રાણીની જે વાવ છે એના કુવાની અંદર પણ દરેક મજલે વિષ્ણુના શિલ્પોજોવા મળે છે. એવું મોઢેરા ની અંદર પણ જોવા મળે છે. એક ડેરી ની અંદર શીતળા માતાની પ્રતિમા જોવા મળે છે.પીલુદરા ની અંદર શીતળા માતાની મંદિર છે ત્યાં પણ જોવા મળે છે અને અહીં પણ જોવા મળે છે. આખજ નો શક્તિ કુંડ , લોટેશ્વર નો કુંડ, ત્રિનેત્રેશ્વર નો કુંડ. વડનગર ની અંદર અજીત પાલ નામનો કુંડ આવેલો છે એ બધા આ સમયના છે.

એક વિશિષ્ટ પ્રકારનું સ્થાપત્ય આ સમયમાં એ છે તોરણ દ્વાર. બે ઉભા સ્તંભ અને એના ઉપર કમાન આકારની એક રચના કરવામાં આવેલ છે. એ કમાનમાં દેવ દેવીઓના શિલ્પો મુકેલા હોય છે, જેને કીર્તિ તોરણ પણ કહેવામાં આવે છે એ મોટેભાગે મંદિરના સન્મુખ ભાગે હોય છે. મોઢેરા ની અંદર છે  જે મંદિર છે એની સામે આવેલા છે પણ ખંડિત છે. એ સ્તંભ અડધા અડધા તૂટેલા એવા એની ઉપરનું જે તોરણ છે એ તો જોવા પણ મળતું નથી તોરણ દ્વાર ના સ્તંભો જોવા મળે છે ,આખું તોરણ દ્વાર જોવા મળતું નથી. સિદ્ધપુર નું તોરણ અને વડનગરનું. તોરણ આ બધા જ ધોરણો ખંડિત અવસ્થામાં છે જ્યારે અખંડિત તોરણ છે તે એ બે જગ્યાએ છે વડનગર ની અંદર અને કપડવંજ ની અંદર જોવા મળે છે. વડનગર ની અંદર બે તોરણ આવેલા છે જે મૂળ મૂળ સ્થિતિમાં તો એ જ રીતે છે બીજું તૂટી ગયેલું છે એને નરસિંહ મહેતાની ચોરી તરીકે ઓળખવામાં આવે છે. હવે હમણાં સાંભળવા મળ્યું છે કે તૂટી ગયેલું જે તોરણ દ્વાર છે એને પણ સરખું કરવામાં આવ્યું છે ત્રણ પ્રકારનું સ્થાપત્ય પણ આ સમયગાળામાં વિકસ્યુ છે.

શિલ્પ કલા આપણે જોઈએ તો શિલ્પ કલાએ સ્થાપત્યની સાથે જોડાયેલી છે અને આ સમય દરમિયાન સોળે  કલા એ ખીલી હતી. જેટલું સ્થાપત્ય એ ઉન્નતી કરી એની સાથે જ જોડાયેલી શિલ્પકલા છે એણે પણ પ્રગતિ કરી છે. એમાં પણ બે પ્રકાર પડે છે ધાર્મિક શિલ્પો અને બિન ધાર્મિક શિલ્પો. જે હિન્દુ દેવ દેવીઓ જૈન તીર્થંકરો એના યક્ષ-યક્ષિઓ દિગપાલ વગેરેનો આમાં સમાવેશ કરવામાં આવે છે. જે શુશોભનાત્મક શિલ્પો છે જેને મોટીફસ કહેવામાં આવે છે તે પ્રકારના પણ અહીં ખૂબ જ વિકાસ થયો હતો. એમાં એમાં ચૈત્ય બારીના સુશોભનો વધારે જોવા મળે છે. જે સ્તંભો છે એની ઉપર ઘટ્ટ પલ્લવ નું સુશોભન કરવામાં આવતું હતું .સવિશેસ જણાય છે. મંદિરના શિખરોમાં જાલક  વિશિષ્ટ ભાત જોવા મળે છે . જુદા જુદા ધર્મ પ્રમાણેના શિલ્પોનો આપણે જોઈએ તો પરિચય મેળવીએ. શિવના શિલ્પો- શિવ મોટાભાગે શિવલિંગ ના સ્વરૂપે પૂજાય છે પણ એના સ્વતંત્ર શિલ્પો મળી આવે છે. એ ગર્ભગૃહોમાં નથી હોતા પણ કોઈ ગવાક્ષો ની અંદર મુકેલા હોય છે. એમાં ઉમા મહેશ્વર,અંધકારસુર વધ મૂર્તિ, ગજાસુર મધુમૂર્તિ, શિવનું તાંડવ, ભૈરવ વગેરે નોંધપાત્ર છે. પાવાગઢ ની અંદર લકુલેશ ભગવાન નું મંદિર ઉપર છે. એ શિવનો એક અવતાર હતો 27 મો અવતાર. ગુજરાતની અંદર કારવણમાં થઈ ગયા. લકુલેશ ભગવાનનું મંદિર ત્યાં આવેલું છે. એ મંદિરની અંદર એક જગ્યાએ શિવ પાર્વતી ના લગ્નનું શિલ્પ આપવામાં આવેલું છે. એને કલ્યાણ સુંદર મૂર્તિ તરીકે ઓળખવામાં આવે છે. કલ્યાણ પ્રાસાદ કહેવામાં આવે છે. ભારતની અંદર ઠેર ઠેર જગ્યાએ આવા શિલ્પો જોવા મળે છે. ભારતની અંદર બહુ જાણીતું એક આવું શિલ્પ છે એ મદુરાના મીનાક્ષી મંદિરની અંદર છે. એમાં શિવ પાર્વતી ના લગ્ન થાય છે. શિવ પાર્વતી એકબીજાનો હસ્તમેળા કરે છે. એમાં પણ પાર્વતી છે એની મૂર્તિ ઘણી ધ્યાનાકર્ષક છે.એ લજ્જા અનુભવે છે. એને શિલ્પીએ એવી રીતે વ્યક્ત કરી છે, એ અદભુત જોવા જેવું છે એવું જ આ શિલ્પ અહીં જોવા મળે છે. શિવ એની સાથે શક્તિ સ્વરૂપ તો પાર્વતી, કાલી, મહિસાસુર મર્દિની,શીતળા ખાસ દેખા દે છે .રાણીની વાવમાં જે દેવીઓ બતાવી એમાં પાર્વતી એક પગે તપ કરે છે. બાર વર્ષનું જે તપ છે એ જોવા જેવું શિલ્પ છે. એવી રીતે મહિષાસુર મર્દિની તો અનેક જગ્યાએ જોવા મળે છે પણ રાણીની વાવ ની અંદર એ મહિસાસુરમર્દિની નો જુસ્સો જે બતાવવામાં આવ્યો છે એ બહુ સરસ ભવ્ય છે.

આગળ વિષ્ણુના શિલ્પો તો જોઈએ તો એમના અવતારો પ્રસિદ્ધ હતા.  એ અવતારોમાં ખાસ કરીને વરાહ અવતાર નરસિંહ અવતાર,ત્રિવિક્રમ સ્વરૂપના આવતા રહો વધુ જોવા મળે છે. રાણીની વાવ ની અંદર વિષ્ણુના આ બધા જુદા જુદા અવતારો છે એનું આલેખન બહુ સરસ રીતે થયું છે. પહેલો વામન અવતાર પણ છે, બીજા રામ અવતાર છે,નૃસિંહ અવતાર પણ એની અંદર જોવા મળે છે. એ બધા ખુબ જ સરસ બતાવવામાં આવ્યા છે. બધા શિલ્પો ત્યાં દીવાલોમાં કંડારેલા છે. એવી જ રીતે કૃષ્ણના જે લીલાના પ્રસંગો છે એમાં કાલીયમર્દનના પ્રસંગ જાણીતો છે. ત્રૈલોક્યમોહન એ સ્વરૂપ પણ વિષ્ણુનું જાણીતું છે. વિષ્ણુનું જે સ્વરૂપ છે. ત્રણ મુખ નું એમાં વચ્ચેનું નું માનવમુખ છે, બીજી બાજુ સિંહનું અને  વરાહનું મુખ છે એટલે ત્રણ મુખ વાળી વિષ્ણુની પ્રતિમા છે. જેને વિશ્વસ્વરૂપ વિષ્ણુ તરીકે પણ ઓળખવામાં આવે છે. એવા શિલ્પો પણ અહીં જોવા મળે છે. સૂર્ય વિશે વાત કરીએ તો સૂર્યના શિલ્પો અને મૂર્તિઓ પણ મળી આવે છે. મોઢેરાનું સૂર્યમંદિર આગળ જોયું એમ ગર્ભ ગૃહની અંદર સૂર્યની પ્રતિમા હાલ નથી ભોયરુ ખાલી છે. પણ એ મૂર્તિ ત્યાં હશે અને એની જે પીઠ બતાવવામાં આવી છે સપ્ત અશ્વો બતાવવામાં આવેલા છે એટલે સૂર્યનું એ વાહન છે. એટલે આપણે ચોક્કસ કહી શકીએ કે એની મૂર્તિ ત્યાં હશે જ મંદિર છે એટલે સૂર્યની મૂર્તિ હોવી જોઈએ પણ એને બચાવવા માટે કેમ છુપાવી દેવામાં આવી હોય એવું માનવામાં આવે છે. 12 આદિત્ય સ્વરૂપો પણ ત્યાં આપણને મળે છે. ખંભાતની પાસે નગરા ગામ છે અને ત્યાં વસ્તુપાલ નો સમયની એક માનવ કદની મોટી બ્રહ્મા ની મૂર્તિ આપણને મળે છે એ જોવા જેવી છે. એટલે બ્રહ્માની જે પ્રતિમા મળી આવી છે એ અદભુત છે. અને જ્યારે સૂર્યની વાત કરવી હોય ત્યારે મહેસાણા ની અંદર ખેરાલુ ગામ છે ત્યાં એક સૂર્યની પ્રતિમા મળી આવી હતી એ નોંધપાત્ર છે. આગળ વાત કરીએ તો બ્રહ્મા કાર્તિકે ઇન્દ્ર અગ્નિ વાયુ કુબેર ચંદ્ર વગેરે દેવોની પ્રતિમા પણ જોવા મળે છે.

જૈન શિલ્પો અને પ્રતિમા- તીર્થંકરોના જે શિલ્પો અને મૂર્તિઓ ઘણી બધી મળી આવી. એમાં જોઈએ તો ખાસ આદિનાથ નેમીનાથ પાશ્વનાથ મહાવીર સ્વામીની મૂર્તિ જોવા મળે છે. આ

તીર્થંકર ભગવાનો એક કાઉસ્સગમુદ્રામાં અને કાં પદ્માસન મુદ્રામાં બેઠેલા જોવા મળે છે. આમાંના કેટલાક જે શિલ્પો છે એ પરીકર શૈલીના છે. મૂર્તિની આજુબાજુ જે છે સુશોભન તરીકે કરવામાં આવ્યું છે એ કમાન જેવું બનાવવામાં આવ્યું છે એને પરીકર તરીકે ઓળખવામાં આવે છે.તપની અંદર બેઠેલા તીર્થંકર ને આવો બધો વૈભવ બતાવાય નહીં પરંતુ આજુબાજુની કોતરણી કરીને એને શુશોભનાત્મક બનાવવામાં આવ્યા છે, સ્વરૂપ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. એવી પ્રતિમા હોય એને સ્વપરિકર પ્રતિમા કહેવામાં આવે છે. એમાં પણ એના બે પ્રકારો પડે છે- એને ત્રિતીરથી પણ કહે છે અને પંચ તીરથી પણ કહે છે. વચ્ચે એક મુખ્ય તીર્થંકર હોય અને બે બાજુ ઉભેલા કે બેઠેલા તીર્થંકરો હોય એ ત્રિતીરથી રીતે એવી રીતે પંચતીરથી પણ હોય. નીચે બેઠેલા હોય એની ઉપર એક એક પંચતીરથી પ્રતિમા પણ જોવા મળે છે એ સાથે દરેક તીર્થંકર છે એ પોતપોતાના યક્ષ યક્ષિણી સાથે છે એને પણ બતાવવામાં આવે છે. તીર્થંકરોની માતાઓ પણ બતાવવામાં આવે છે. કેટલીકવાર તો ચોવીસી નો પટ પણ હોય છે. 24 તીર્થંકરો હોય એનો પટ જ બનાવવામા બનાવવામાં આવે છે.

બીજી વિશેષતા ખાસ એ તીર્થંકરોની માતાઓ પણ બતાવે છે સાથે સાથે અન્ય દેવીઓ-સરસ્વતી લક્ષ્મી અને વિદ્યા દેવીઓના આ જૈનોની બહુ વિશેષતા છે. વિદ્યાદેવીઓના આલેખન અને એમાંય આબુ ની અંદર જે દેલવાડાના દેરા છે એમાં 16 વિદ્યા દેવીઓ બતાવ્યા છે અને જૈન મૂર્તિ વિધાનને જાણવા હોય તો આ બે મંદિરની અંદર બધું જ મૂર્તિ વિધાન આવી જાય છે. દરેક પ્રકારની મૂર્તિ હોય એની અંદર જોવા મળે છે. દેરાસરોની અંદર ભગવાન જે છે તીર્થંકરો જે છે એમના જીવનના પ્રસંગો પણ આલેખવામાં આવે છે, એવા દ્રશ્યો કંડારવામાં આવેલા જોવા મળે છે જેમ કે નેમીનાથ ભગવાન ની વિવાહ યાત્રા છે. રાજમતીનો વિવાહ મંડપ, નેમિનાથની દીક્ષા, એમની તપસ્યા એમનાકેવલ જ્ઞાન ની પ્રાપ્તિ એ પણ બતાવવામાં આવે છે. સાથે સાથે કૃષ્ણની બાળલીલા ના પ્રસંગો કેટલાક પૌરાણિક પ્રસંગો જોવા મળે છે લુણવસઈ માં હસ્તીશાળામાં વસ્તુ પાલ - તેજપાલના કુટુંબના સભ્યો ના શિલ્પો જોવા મળે છે. બરોડાની પાસે અકોટામાં ત્યાંથી જૈન પ્રતિમાઓનું મોટું ભંડોળ મળી આવેલ છે. એમાં કેટલીક ધાતુ પ્રતિમાઓ છે. એમાં જે જૈન પ્રતિમાઓ છે એ બધી મોટાભાગની દસમા સૈકાની

છે. એમાંય જે ઋષભદેવ છે એમની પ્રતિમા જુદી જુદી રીતે જોવા મળે છે. એમનું જે લાંછન છે ઋષભ નું આપણે ઓળખી શકીએ છીએ પણ વધારાનું જે લાંછન છે એ એમની જે અહીં કેસની લટ છે તે ખભા ઉપર ત્યાં બતાવવામાં આવ્યું છે એ તીર્થંકર ને જોવા માટે મળે છે એટલે બે તીર્થંકરો એવા છે એમને એમના લાંછન સિવાય બીજી રીતે પણ ઓળખી શકાય છે. મૂળ તો વૃષભ આદિનાથનું મુળ લાંછન છે પણ એક આ બીજું વધારાનું ઓળખ મળે છે એ રીતે પાશ્વનાથ તો એમને પણ એવું જ છે. ઉપર એમની જે છત્ર ઘણા બતાવવામાં આવી છે એ ત્રણ હોય કે પાંચ હોય કે સાત હોય એ એની વિશેષતા આપણને જોવા મળે છે. આ બધા જ શિલ્પો બહુ અગત્યના છે.

મોઢેરાના સૂર્યમંદિર ની અંદર અને પંચમહાલના મંદિરો ની અંદર પણ પંચમહાલમાં બાવકા નામનું ગામ આવેલું છે. એને બહુ ઓછા લોકો જાણે છે પણ મોઢેરા ને લોકો જાણે છે પણ આ બંને આ મંદિરોના શિલ્પોની વિશેષતા એ છે કે એ મિથુન શિલ્પો છે. એરોટીક્સ કલ્સ્પચર અહીં જોવા મળે છે. જેવી રીતે ઓડિસાના કોર્ણાક સૂર્યમંદિર ની અંદર પણ જોવા મળે છે, બીજા મંદિરમાં પણ જોવા મળે છે એવા અહીં પણ જોવા મળે છે.એટલે કે કામ ક્રીડા ની અંદર રત થયેલા હોય એવા શિલ્પો અહીં જોવા મળે છે એ એની વિશેષતા છે. પછી જે મંદિરના ભાગો હોય એમાં એક સલીલ અંકન હોય એટલે કે પાણી નીકળતું બતાવવામાં આવે, જાણે કે નદીનું સ્વરૂપ છે અને જે તાપસો છે ઉભા રહીને જ તપ કરતા હોય છે બતાવ્યા છે એ ત્યાં હોય છે. એની બાજુની અંદર છે છે એવી અપ્સરાઓ પણ બતાવવામાં આવે છે એટલે વિરોધાભાસ આપણને લાગે છે અને આ બધા જ શિલ્પો છે એ આ ક્યારેક તો જે મંડપ છે એની ઉપર વિતાંગ કરોટક કહેવામાં આવે છે. અર્ધ અર્ધગોળાકાર એમાં પણ જાત જાતના શિલ્પો હોય છે .જે ટેકા રૂપ મુકેલી હોય છે. ઘણીવાર વિદ્યાદેવી જે 16 વિદ્યા દેવીઓ ની વાત કરી. એવી રીતે ત્યાં મુકેલી હોય છે. મંદિરોના સુશોભન ની અંદર ખાસ કરીને અપ્સરાઓ નર્તકીઓ જોવા મળે છે એનું ઘણું બધું વૈવિધ્ય જોવા મળે છે. જુદા જુદા પ્રકારનું માતૃ સ્વરૂપે કે વલ્લભા સ્વરૂપે બતાવવામાં આવે છે પછી કોઈ જે હોય કે જે શૃંગાર કરતી હોય તિલક લગાવતી હોય ઝાંઝર પહેરતી હોય કે કોઈ સુક નાસિકા એટલે કે પોપટને લઈને ઉભી હોય

વલ્લભા એટલે કે પુત્રની સાથે ઉભી હોય એવા અનેક પ્રકાર જોવા મળે છે .એવા એક પ્રકારના શિલ્પ ની વાત કરીએ તો રાણીની વાવ ની અંદર આ બધું જે અપ્સરાઓ બતાવવામાં આવેલી છે એમાં એક જે બતાવવામાં આવી છે એ સધસ્નાતા છે એટલે કે એ નાહીને તરત બહાર નીકળેલી છે. એના માથાના વાળની અંદર પાણી છે એ ચોટલો નીચોવી રહી છે આખુ આલેખન એ રીતે કરેલું  છે. એ ચોટલામાંથી જે પાણી પડી રહ્યું છે ટીપા સ્વરૂપે અને પેલો જે હંસ સ્વરૂપ પક્ષી છે  એને મોતિ સમાન ગણીને હંસ એને ચારો ગણીને એને ચાંચ અંદર લેવા જાય છે એને શિલ્પ કહેવું કે કાવ્ય કહ્યું ખરેખર એ એક લીરીક્સ ઇન ધ સ્ટોન છે. પથ્થર ની અંદર કંડારેલા કાવ્યો છે કહીએ તો પણ અતિશયોક્તિ નહીં લાગે. આટલું બધું વૈવિધ્ય આ સમયે ખાસ આપણને જોવા મળે છે.

એવી જ રીતે જે નળથર હોય વામન મોટા મંદિરો જે જુદા જેની બહાર બહાર ની બાજુમાં થર હોય છે એમાં ગજથર હોય અશ્વ થર હોય,નર હોય દેવથર  હોય આ એ સમયમાં જુદા જુદા થરો મળે છે. એમાં કેટલાક સમાજ જીવનના પ્રસંગો જોવા મળે છે. એવી જ રીતે પશુ જે હાથી છે એને ગજથર કહે છે હાથીઓના સ્વરૂપ, અશ્વથર ની અંદર ઘોડાના સ્વરૂપો જોવા મળે છે. આ બધું વિવિધ આપણને જોવા મળે છે જુદા જુદા શિલ્પો ઉપરથી. અને બીજું ખાસ અહીં જ્યારે પ્રાણીઓની વાત કરીએ છીએ ત્યારે  હુન્બલી નું નવલખા મંદિર છે એની અંદર જે ગજથર બતાવવામાં આવ્યું છે એમાં એક જગ્યાએ  બે હાથી છે, એ મિથુન સ્વરૂપે બતાવવામાં આવ્યા છે એટલે કે કામ કરતા બતાવવામાં આવ્યા છે. જે જવલ્લે જ જોવા મળે એવું છે. પેલા મોઢેરાના બાવકાના મંદિરની આપણે વાત કરી એમાં સ્ત્રી પુરુષોને ક્રીડા કરતાં બતાવ્યા છે, તો અહીં પ્રાણીઓને પણ બતાવ્યા છે એટલે અહીં કલાકાર હોય એવી કોઈ છોછ રાખી નથી. એટલે પ્રશ્ન થાય કે મંદિર જેવા પવિત્ર સ્થળોએ આ મિથુન શિલ્પોને શા માટે સ્થાન આપવામાં આવ્યું છે? એ મોટી ચર્ચાનો વિષય છે.

ડભોઇના કિલ્લામાં મહુડી દરવાજો છે ત્યાં નાથ સંપ્રદાયના કેટલાક સીદ્ધો છે એના શિલ્પો છે. એમાં મત્સ્યેન્દ્રનાથ ગોરખનાથ જાલંધરનાથ ના શિલ્પો જોવા મળે છે. શુશોભનોની આપણે

જે વાત કરી તો એમાં અહીં બે જોવા જેવા છે, ઉલ્લેખ કરવા જેવું છે એક કીચક અને કીર્તિ મુખો. કિચક એટલે કે મંદિરનો ઉપરનો જે ભાગ છે શિખર એની ઉપર પાછો પાટ હોય એને ટેકો આપવા માટે જાણે કે પોતે ભાર આપી રહ્યા છે એવો શિલ્પો હોય એવો એક દુનદાળો પુરુષ છે. એની બાંધણી એટલે કે એનું જે પેટ છે એ બહાર નીકળી આવ્યું છે, આંખો ફાટી ગઈ છે, એને કીચક કહેવામાં આવે છે. એ કીચકો ના ઘણા બધા સ્વરૂપો જોવા મળે છે, ત્યાં વેરીએશન્સ જોવા મળે છે. કીર્તિમુખ એટલે ગ્રાસ પટ્ટી જેને કહેવાય છે. મંદિર જે હોય એમાં પ્રવેશ દ્વાર એનો ઉબરાનો જે ભાગ છે એની બંને બાજુએ વિશિષ્ટ પ્રકારનું પ્રાણી હોય એ સિંહ જેવું હોય અને માથે શિંગડા હોય મોટી આંખો હોય એ કીર્તિમુખ છે. તો કીર્તિ મુખો ના સુશોભનો ઠેર ઠેર જોવા મળે છે. એટલે આજે બે શુશોભનો છે એ પણ અહીં આપણે લક્ષની અંદર લેવા જોઈએ. આખા આ જે મંદિરો છે બીજા પણ ભાગ જોવામાં આવે છે જેમ કે ભૌમિતિક આકાર એ પણ ખાસ અહીં જોવા મળે છે. પુષ્પ લતા હોય, પુષ્પ હોય સ્તંભો છે એને શણગારવા માટે એ લોકો  એક ખાસ સુશોભન ઘટ્ટ પાલવ ની ડિઝાઇન કહે છે. આ  ડિઝાઇન છે એ મોટાભાગે બધા સ્તંભોમાં જોવા મળે છે અને આ સ્તંભોની અંદર પણ એક ગવાક્ષો જે છે એની એમાં પણ દેવ દેવીઓ નૃત્યાંગનાઓ ના શિલ્પો મુકેલા હોય અને જ્યાં મંદિરમાં જુદા જુદા થર હોય છે. એવી રીતે આ સ્તંભની અંદર પણ બતાવવામાં આવ્યું છે અને કીર્તિ તોરણના સ્તંભોમાં પણ આવા જુદા જુદા થરો જોવા મળે છે આ જુદા જુદા થરોમાં ગઢ પાલવની ડિઝાઇન પણ ખાસ જોવા જેવી છે અને એના લીધે એ જુદા પડતા હોય છે આ બધા મંદિરો થઈ જાય છે.

આ પરથી આપણે કહી શકીએ કે કે ગુજરાતની અંદર સોલંકી યુગમાં કાળમાં શિલ્પ સ્થાપત્યની પ્રગતિ થઈ હતી અભિનવ પ્રગતિ ઘણી બધી પ્રગતિ થઈ હતી. એક જ કાળની અંદર 80 જેટલા અવશેષો મંદિરો મળી આવતા હોય એવા ગુજરાતનું બીજા કોઈ બીજા કોઈ કાળની અંદર મળી આવતું હોય એ લાગતું નથી. ઘણા તો આમાં ખંડિત છે પણ એ બહુ ઉત્તમ છે આ કાળની જે ઈમારત છે સ્મારક છે રાણીની વાવ એને તો વર્લ્ડ હેરિટેજ નો દરજ્જો આપવામાં આવ્યો છે જે આપણા માટે બહુ ગૌરવની વાત છે એ પણ સોલંકી કાલની. હમણાં એવું જાણવા મળ્યું છે કે બીજા બે  સ્મારકો ને વર્લ્ડ હેરિટેજ નો દરજ્જો આપવામાં આવશે- વડનગર અને

મોઢેરાના સૂર્યમંદિર. જો આવું થાય તો એક જ કાળના ત્રણ સ્મારકોને વર્લ્ડ હેરિટેજનો દરજ્જો મળે મોટી આનંદની વાત છે

************************************************************

JAIN SAHITYA ACADEMY TRUST